રાજ્યમાં નવા ૬૨૬ કેસ, ૧૯નાં મોત

અમદાવાદમાં ૨૩૬ અને સુરતમાં ૨૦૬ કેસ : વધતા જતાં પોઝિટિવ કેસના આંકડા છેલ્લા ત્રણ દિવસથી કોરોનાની ચિંતાજનક સ્થિતિ ઉપર ઈશારો કરી રહ્યા છે

ગાંધીનગર,તા.૨૯

રાજ્યમાં આજે સતત ત્રીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૬૦૦ને વટાવી વિક્રમજનક ૬૨૬ કેસ ૨૪ કલાકમાં નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૩૨ હજારને વટાવી ૩૨૦૨૩ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે રવિવારે આ આંકડો ૩૧ હજારને વટાવ્યો હતો. રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ ૧૯ દર્દીઓના કોરોનાને લીધે મૃત્યુ થયા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં આ સાથે કુલ મૃત્યુઆંક ૧૮૨૮ થયો છે. આજે રાજ્યમાં માત્ર ૪૪૩૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

રાજ્યમાં ૪૪૦ દર્દીઓ સ ાજા થઈને ઘરે ગયા. અત્યાર સુધીમાં ૨૩૨૪૮ દર્દીઓ કુલ ડિસ્ચાર્જ થયા તે નોંધનીય છે. રાજ્યમાં અગાઉ સતત દસ દિવસ કોરોના પોઝિટિવનો આંકડો ૫૦૦ને કુદાવતો હતો.

પરંતુ છેલ્લા ત્રણ દિવસથી કોરોનાની ચિંતાજનક સ્થિતિ પર ઈશારો કરી રહ્યા છે. આજે વધુ નોંધનીય વાત એ છે કે રાજ્યમાં છેલ્લા બે દિવસથી સરખામણીમાં ટેસ્ટ માત્ર ૪૪૩૩ કરવામાં આવ્યા હતા છતાં ૬૨૬ જેટલા કોરોના પોઝિટિવના કેસ આજે બહાર આવ્યા હતા.

રાજ્યમાં આજે અમદાવાદ કોર્પોરેશનમાં ૯, સુરત કોર્પોરેશનમાં ૨ અને જિલ્લામાં ૨, સુરેન્દ્રનગરમાં ૨, બનાસકાંઠામાં ૧, રાજકોટમાં ૧, ખેડામાં ૧, અમરેલીમાં ૧ એમ ૧૯ જણાના મૃત્યુ કોરોનાના લીધે ૨૪ કલાકમાં થયા છે. અમદાવાદ શહેરમાં ૨૨૨ અને જિલ્લામાં ૧૪ કેસ સાથે કોરોના પોઝિટિવના ૨૩૬ કેસ નોંધાયા છે. ગત બે દિવસથી સરખામણીમાં આજે આંકડો ૨૦૦ને પાર થયો. આ સાથે અમદાવાદમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૦૭૧૬ પર પહોંચ્યો છે. જ્યારે વધુ ૯ મોત કોરોનાને લીધે કુલ મૃત્યુઆંક ૧૪૩૨ પર પહોંચ્યો છે. જ્યારે સુરતમાં આજે પ્રથમવાર છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવનો આંકડો ૨૦૦ને પાર થઈ ૨૦૬ નોંધાયો છે. જેમાં સુરત શહેરના ૧૮૫ અને જિલ્લાના ૨૧નો સમાવેશ થાય છે. વધુ ૪ મોત સાથે સુરતમાં કુલ મૃત્યુઆંક ૧૫૪ થયો છે. રાજ્યમાં ૭ કોર્પોરેશન અને ૨૫ જિલ્લામાં કોરોનાના કેસ નોંધાયા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૦૭૧૬	૧૪૩૩	૧૫૮૩૧
સુરત	૪૬૩૦	૧૬૦	૩૧૪૪
વડોદરા	૨૨૧૫	૪૭	૧૫૨૬
રાજકોટ	૨૬૩	૦૭	૧૨૩
ગાંધીનગર	૬૩૮	૨૯	૪૫૪
ભાવનગર	૨૫૩	૧૩	૧૫૦
કચ્છ	૧૫૩	૦૫	૯૩
મહેસાણા	૨૭૯	૧૧	૧૪૦
ગીર-સોમનાથ	૭૩	૦૧	૪૭
પોરબંદર	૧૬	૦૨	૧૦
પંચમહાલ	૧૭૩	૧૫	૧૩૩
પાટણ	૧૯૫	૧૪	૧૧૨
છોટાઉદેપુર	૫૫	૦૨	૩૭
જામનગર	૧૯૮	૦૪	૯૪
મોરબી	૨૦	૦૧	૦૮
સાબરકાંઠા	૧૭૦	૦૮	૧૧૫
આણંદ	૨૦૭	૧૩	૧૭૮
દાહોદ	૫૯	૦૦	૪૩
ભરૂચ	૨૨૦	૦૯	૧૦૪
બનાસકાંઠા	૧૭૭	૧૦	૧૫૪
ખેડા	૧૫૩	૦૬	૧૦૯
બોટાદ	૮૬	૦૩	૬૫
નર્મદા	૮૯	૦૦	૩૭
અરવલ્લી	૨૦૨	૧૮	૧૬૩
મહીસાગર	૧૩૫	૦૨	૧૧૨
નવસારી	૯૫	૦૧	૪૨
તાપી	૦૮	૦૦	૦૬
વલસાડ	૧૩૦	૦૩	૫૪
જૂનાગઢ	૯૩	૦૨	૪૮
સુરેન્દ્રનગર	૧૩૮	૦૬	૭૦
દેવભૂમિ દ્વારકા	૨૨	૦૧	૧૫
ડાંગ	૦૪	૦૦	૦૪
અમરેલી	૮૨	૦૬	૩૨
કુલ	૩૨૦૨૩	૧૮૨૮	૨૩૨૪૮

બનાસકાંઠામાં કોરોનાના વધુ બે કેસ પોઝિટિવ

પાલનપુર ના બાદરગઢ અને થરાદના જેતડામાં પોઝીટીવ કેસ નોંધાયા

બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા હતા. પાલનપુરના બાદરગઢ અને થરાદના જેતડામાં પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં આંક ૧૯૨ પહોચ્યો છે. જ્યારે અત્યાર સુધીમાં નવ વ્યકિતના મોત નિપજી ચૂક્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. આવી સ્થિતિમાં જિલ્લામાં સોમવારે વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, પાલનપુરના બાદરગઢ અને થરાદના જેતડામાં પોઝીટીવ કેસ આવ્યા હતા.જેમને તાત્કાલિક કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઇન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં કોરોના વિસ્ફોટના કારણે કુલ આંક ૧૯૨ પહોચ્યો છે. જ્યારે અત્યાર સુધીમાં નવ વ્યકિતના મોત નિપજી ચૂક્યા છે.

પાલનપુર ચોકસી બજાર સવારે ૮ થી ૨ વાગ્યા સુધી જ ખુલ્લી રાખવાનો નિર્ણય

પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોશિયેસન દ્વારા પાલનપુરના સોની બજારમા વધતા જતા કોરોના કેસોને લઈને પાંચ દિવસ સુધી દુકાનો સવારે ૮ થી બપોરે ૨ વાગ્યા સુધી ખુલ્લી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પાલનપુરમા ચોકસી બજારમાં કોરોના એ એન્ટ્રી કરી છે. ત્યારે ચોકસી બજાર માં કોરોનાનું સંક્રમણ ઘટે તે માટે આજ રોજ પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોશિયેસનની કારોબારીની અરજન્ટ મીટીંગ બોલાવી હતી. જેમા મંગળવાર થી શનિવાર સુધી તમામ દુકાનો સવારે ૮ થી ૨ વાગ્યા સુધી ખુલ્લી રાખવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં કોરોનાનો કહેર હજુ યથાવત છે. છેલ્લા કેટલાક દિવસોથી છુટાછવાયા કેસ મળી રહ્યા છે. શહેરમાં વસ્તી ગીચતા ઓછી હોવાથી સંક્રમણ અન્ય શહેરો કરતાં ઓછું છે તેમ છતાં અમદાવાદની કનેકટવીટીના કારણે કેસ આવી રહ્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય ટીમ દ્વારા કોરોના અંગેની સઘન કામગીરી કરવામાં આવી રહી છે. પોઝીટીવ કેસના સંદર્ભે કવોરન્ટાઈન કરવાની કામગીરી માટે તંત્રની આરોગ્ય ટીમ વિવિધ સેકટરોમાં ફરી રહી છે.

વધુ ૬ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ સારવાર માટે મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. દહેગામ તાલુકાના નવાનગર ગામેથી પણ એક ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. કફ અને અન્ય બિમારીથી આ વૃદ્ધ પિડીત હતા. તેમને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં હાલ ૧૫,૫૮૯ લોકોને ક્વોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જેમાં ૧૫,૫૨૭ લોકો હોમ ક્વોરોન્ટાઈન, ૬ જણાને સરકારી ફેસીલીટી સેન્ટરમાં અને ૫૬ લોકો પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે. જિલ્લામાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૪૫૦ની નજીક પહોંચવા આવી છે. રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે પણ ડેથ રેટ સતત વધી રહ્યો હોવાથી તેની ચિંતા પણ તંત્રને સતાવી રહી છે.

સર્વે કર્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત ફુટપાથ અને માર્ગો વચાળે પણ કોપરિશને આડેધડ ખોદકામ કરવામાં કાંઇ બાકી રાખ્યુ નથી. જેના લીધે વરસાદી દિવસામાં નગરજનો માટે જોખમી સ્થિતિ સર્જાઇ છે. બીજીતરફ માર્ગ મકાન વિભાગે પણ સ્ટોર્મ વોટર લાઇન તેમજ ગટર લાઇનની કામગીરીને અનુલક્ષીને શહેરમાં અસ્તિત્વમાં આવેલા ગાબડાઓ નગરજનો માટે ભયજનક પુરવાર ન થાય તે માટે સર્વે હાથ ધર્યો હતો. વરસાદી દિવસોમાં આ પ્રકારના ગાબડાઓ જોખમી ન બને તે માટે તંત્ર દ્વારા હાથ ધરાયેલા સર્વેના અંતે ગાબડા પુરવા માટે પણ અભિયાન હાથ ધરાશે. સર્વેના અંતે સ્પષ્ટ થયા મુજબ શહેરમાં અંદાજિત ૪૮ જેટલા ઠેકાણે ગાબડા પડયા છે. જેમાં સ્ટોર્મ વોટર લાઇનની ચેમ્બરો તુટી ગઇ હોય કે ગટર લાઇનમાં ભંગાણ થયુ હોય તેવા સંજોગોમાં આ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. સર્વેનુ કામ પુર્ણ થયા બાદ હવે આગામી દિવસોમાં આ ભયજનક સ્થિતિ નિવારવા માટે તંત્ર દ્વારા ગાબડા પુરવાનુ કામ કરવામાં આવશે. શહેરમાં અંદાજ મુજબ નગરના વિવિધ માર્ગો તેમજ સેકટરોમાં ૪૮ ઠેકાણે ગાબડા પુરવા માટે તંત્રની ટીમ કામ કરશે. જેથી વરસાદી દિવસો દરમિયાન નાગરિકાને કોઇપણ પ્રકારની હાલાકી વેઠવી ન પડે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન આમ પણ માર્ગ સલામતી જોખમાય છે. ત્યારે નાગરિકોની સલામતીને ધ્યાને લઇ શહેરમાં જોખમી સ્થિતિ નિવારવા માટે કાર્પોરેશને પણ ગાબડા પુરવા મેદાનમાં આવવાની અનિવાર્યતા છે.

ભયજનક સ્થિતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસની કામગીરીને અનુલક્ષીને બેરિકેટસ મુકીને માર્ગને બ્લોક કરી દેવાયો છે. જયારે ઘ માર્ગ પર ઘ-૪ ના વિસ્તારને ઓળંગવા માટે હાલ સાંકડા સર્વિસ માર્ગ પરથી વાહનોની અવરજવર થાય છે. પરંતુ ઘ માર્ગ પરથી સે-૧૬ તરફના સર્વિસ માર્ગ પર જવાના માર્ગની એકબાજુએ મોટુ મસ ગાબડુ જોવા મળી રહ્યુ છે. પાર્કીંગ વિસ્તારમાં થઈને પસાર થતા વાહનોને આ ઉબડ ખાબડ રસ્તાને ઓળગવાની ફરજ પડે છે. છેલ્લા ૬ મહીનાથી વાહનચાલકો આ ઉબડ ખાબડ કોસિંગ શિરદર્દ સમાન બન્યો છે. આમછતા કોર્પોરેશન દ્વારા આ ઠેકાણે વાહનચાલકોની સમસ્યા નિવારવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. સે-૧૬ તરફના આ સર્વિસ રોડના ટર્નિંગ પર વાહનો પછડાય છે. જયારે આ સ્થિતિ વચ્ચે અનેકવાર અકસ્માત પણ થાય છે. પરંતુ કોપરિશન દ્વારા અન્ડરપાસનુ કામ સંભાળતી એજન્સીને પણ આ મામલે ઉબડ ખાબડ ડાયવર્ઝનના ભાગને યોગ્ય કરવા માટે સુચના આપવામાં આવતી નથી માર્ગ નિર્માણની કામગીરી અન્વયે ડાયવર્ઝન તેમજ ટ્રાફિકનુ યોગ્ય સંચાલન થાય તે સઘળી જવાબદારી કામ સંભાળતી એજન્સીએ નિભાવાની હોય છે. જયારે ડાયવર્ઝનના રૂટમાં ભયજનક સ્થિતિને નિવારવા માટે પણ જવાબદાર તંત્રએ જ કામગીરી કરવાની થતી હોવાછતા આમ નાગરિકોને રોજબરોજ હાલાકી વેઠવી પડે છે.

વિવાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાલુકા પંચાયતની ૩૬ બેઠકો હાલ છે. નવ બેઠકો જતાં સભ્ય સંખ્યા ૨૭ થાય હાલ ભાજપ પાસે સત્તા છે જો કે બહુમતિ કોંગ્રેસ પાસે છે. નવ બેઠકો ઘટતાં ભાજપની સભ્ય સંખ્યા ૧૧ થશે જેમાં બે અપક્ષોનો સમાવેશ થાય છે જ્યારે કોંગ્રેસની સભ્ય સંખ્યા ૧૬ થશે જેમાં ૧ અપક્ષ સભ્યનો સમાવેશ થાય છે. હાલ તો રાજકીય વર્તુળોમાં જે ગરમાવો જામ્યો છે તેને લઈ સૌની નજર બેઠક મળશે કે નહિ તેના પર મંડાયેલી છે. કોંગ્રેસ દ્વારા વિકાસ કમિશનરની કચેરીના દ્વાર પણ ખટખટાવવામાં આવ્યાની વાતો છે. વિકાસ કમિશનરે પણ આ અંગે જિલ્લા પંચાયત પાસે અહેવાલ માંગ્યો હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યુ છે. જો કે જિલ્લાકક્ષાએ આ અંગે કોઈ જ કંઈ કહેવા કે બોલવા તૈયાર નથી. બીજી તરફ સરકારે પણ હુકમો અધકચરા હદ વધારાને લઈ કર્યા છે કે પછી મનપાએ અધકચરો ચાર્જ સંભાળ્યો હોવાથી આ વિવાદ ઉભો થયો છે તેવી વાતો પણ બજારમાં ચર્ચાતી સાંભળવા મળી છે.

પાલનપુરના બ્રાહ્મણવાસ વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામનો વિરોધ

પાલનપુર કોલેજના પ્રોફેસરે પાલિકા કચેરી બહાર મુંડન કરાવી અન્નજળનો ત્યાગ કરી ધરણા ઉપર બેસી આંદોલનની શરૂઆત કરી

પાલનપુરના બ્રાહ્મણવાસ વિસ્તારમાં સ્થાનિક રહીશો દ્વારા કોમર્શિયલ બાંધકામનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. જ્યાં પાલનપુર કોલેજના પ્રોફેસરે પણ સોમવારે પાલિકા કચેરી બહાર મુંડન કરાવી અન્નજળનો ત્યાગ કરી ધરણા ઉપર બેસી આંદોલનની શરૂઆત કરતા ભારે ઉત્તેજના પ્રસરી ગઈ હતી.

પાલનપુરના બ્રાહ્મણવાસ વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં થઈ રહેલા કોમર્શિયલ બાંધકામનો સ્થાનિકોએ વિરોધ કર્યો છે. વર્ષોથી રહેતા સ્થાનિકો આ કોમર્શિયલ બાંધકામથી નારાજ છે.

આ અંગે અગાઉ કોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા.જો કે, કોર્ટનો સ્ટે હોવા છતાં પણ કોમર્શિયલ બાંધકામ ચાલુ છે. જેને લઈને બ્રાહ્મણવાસ વિસ્તારમાં રહેતા પાલનપુર કોલેજના પ્રોફેસરે શૈલેશભાઈ જૈસ્વાલએ ચીમકી ઉચ્ચારી હતી કે, જો આ કોમર્શિયલ બાંધકામ નહીં રોકાય તો પોતે પાલનપુર પાલિકામાં આમરણાંત ઉપવાસ પર ઉતરશે. પાલનપુર નગરપાલિકા અને કલેકટરને વારંવાર રજૂઆત કરી હોવા છતાં આ કોમર્શિયલ બાંધકામને રોકાવાયુ નથી જેને લઈને પ્રોફેસર સોમવારે પાલનપુર પાલિકા બહાર મુંડન કરાવીને પાલનપુર નગરપાલિકામાં આમરણાંત ઉપવાસ ઉપર બેસી ગયા હતા. અને ન્યાય ન મળે ત્યાં સુધી અન્ન જળનો પણ ત્યાગ કર્યો છે. આ ઘટનાક્રમ ના પગલે ભારે ઉત્તેજના પ્રસરી ગઈ હતી.

જમાલપુર માર્કેટમાં નિયંત્રણથી નારાજ વેપારીઓની હડતાલ

પોલીસથી નારાજ વેપારીઓએ હડતાળનું શસ્ત્ર ઉગામતા શાકભાજીની અછત સર્જાશે :શાકભાજીના ભાવ વધી શકે

અમદાવાદ, તા. ૨૯

ગુજરાતમાં જીવલેણ વાઈરસ કોરોના હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે મહામારીથી સૌથી વધુ પ્રભાવિત અમદાવાદ શહેર છે. જ્યારે કોરોના સંક્રમિતોની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. કોરોના સંક્રમણને ફેલાતું રોકવા માટે તકેદારીના ભાગરૂપે શહેરના જમાલપુર એપીએમસી શાક માર્કેટમાં અમુક જ વેપારીઓને પોલીસે મંજૂરી આપતા નારાજ વેપારીઓએ હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. જેના પગલે આગામી સમયમાં શાકભાજીની અછત સર્જાશે અને આગામી સમયમાં શાકભાજીની કિંમતો પણ વધી શકે છે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, જમાલપુર એપીએમસી શાકમાર્કેટમાં ૨૪૦ હોલસેલના વેપારીઓમાંથી પોલીસ દ્વારા માત્ર ૫૩ વેપારીઓને જ મંજૂરી આપવામાં આવી છે. જેના કારણે વેપારીઓએ હડતાલ પાડી છે. અગાઉ રથયાત્રા બાદ માર્કેટ શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ પોલીસે ૩-૩ દિવસના ગાળામાં ૩૩% દુકાનો ખુલ્લી રાખવાનું કહેતા વિરોધ કરવામાં આવ્યો હતો. આ મામલે વેપારીઓ અને ખેડૂતોએ અનેક રજૂઆતો કરી હોવા છતાં કોઈ નીવેડો ના આવતા વેપારીઓ અને ખેડૂતોએ હડતાલ પાડી છે.

જણાવી દઈએ કે, જથ્થાબંધ માર્કેટમાં હડતાળને પગલે તેની સીધી અસર છૂટક વેપારીઓ પર થશે. અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં શાકભાજીની સપ્લાય જમાલપુર એપીએમસી શાકમાર્કેટમાંથી થતી હોય છે. હવે જો પૂરવઠો ખોરવાય, તો તેની અસર શાકભાજીના ભાવ પર પણ પડશે તે સ્વાભાવિક છે. જેના કારણે આગામી સમયમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચી શકે છે.

વીજબિલને માફ કરવા કોર્ટની સરકારને નોટિસ

અમદાવાદ,તા.૨૯

કોરોના મહામારીને લીધે જારી કરાયેલા લોકડાઉનને પગલે થયેલા આર્થિક નુકસાનને ધ્યાનમાં રાખીને વિવિધ ઉદ્યોગો દ્વારા વીજળીના ફિક્સ ચાર્જ માફ કરવામાં આવે તેવી માગ સાથે દાખલ કરાયેલી અરજી પર ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડને નોટિસ પાઠવી ખુલાસો માગ્યો છે. આ મામલે વધુ સુનાવણી ૩૦મી જૂનના રોજ હાથ ધરવામાં આવશે. હાઈકોર્ટમાં દાખલ કરાયેલી રિટ અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે, કોરોના લૉકડાઉનને લીધે ઓછા ઉત્પાદન અને આર્થિક ખેંચતાણને ધ્યાનમાં રાખીને વીજ બિલ ભરવામાં ૩૦મી જૂન સુધીની રાહત આપવામાં આવે. કે.બી. ઈસમ પ્રાઈવેટ લિમિટેડ સહિત ૧૦ કંપનીઓ દ્વારા અરજી દાખલ કરવામાં આવી છે.વીજળીના બિલમાં ફિક્સ ચાર્જ માફ કરવાની માગ સાથે ઉદ્યોગોની હાઈકોર્ટમાં રિટવીજળીના બિલમાં ફિક્સ ચાર્જ માફ કરવાની માગ સાથે ઉદ્યોગોની હાઈકોર્ટમાં રિટકોર્ટમાં દાખલ કરેલી અરજીમાં રજૂઆત કરવામાં આવી કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે અગાઉ પણ ૨૭મી માર્ચના રોજ રાજ્ય સરકાર દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો.જેમાં વીજ ઉપભોગતાઓને ૧૫મી એપ્રિલ સુધી વીજ બિલ ભરવામાં રાહત આપવામાં આવી હતી. સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે, તેમના વીજનું જોડાણ કપાશે નહિ. આ પરિપત્રમાં એપ્રિલ ૨૦૨૦ના બિલમાં ઔધોગિક એકમો પાસેથી ફિક્સ ચાર્જ ન વસુવાલવાનો સરકાર દ્વારા નિણર્ય લેવામાં આવ્યો હતો.રાજ્ય સરકાર દ્વારા અનલોક કરવામાં આવ્યું છે. જોકે માર્કેટમાં હાલ મંદી હોવાથી કોઈ ખાસ ઉત્પાદન ન થતાં આવક થઈ નથી અને માટે વીજ બિલમાં રાહત આપવામાં આવે તેવી માગ કરાઈ હતી.

આતંકી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા હતા અને પ્રવેશદ્વાર પાસે ચારેય આતંકવાદીઓને ઠાર કર્યા હતા. પોલીસે જણાવ્યું કે આ હુમલામાં ચાર સુરક્ષા રક્ષકો અને પોલીસના એક સબ ઈન્સ્પેક્ટરની પણ મોત થઈ હતી, જેમણે કરાચીના આઈ ચુંદરીગર રોડ પર પાકિસ્તાનના વોલ સ્ટ્રીટ તરીકે ઓળખાતા પીએસએક્સમાં પ્રવેશવાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. આ હુમલામાં બે નાગરિકો પણ માર્યા ગયા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે હુમલાખોરોના શરીરમાંથી વિસ્ફોટક, ગ્રેનેડ અને ખાદ્ય પદાર્થો પણ મળી આવ્યા હતા, જે દર્શાવે છે કે તે મકાનને લાંબી સીઝ કરવાના ઈરાદાથી આવ્યા હતા. બ્લુચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ) સાથે જોડાયેલા મજિદ બ્રિગેડે આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. ગયા વર્ષે ગ્વાદરની પર્લ કોંટિનેંટલ હોટેલમાં આ સંસ્થા પણ સામેલ હતી, જેમાં આઠ લોકો માર્યા ગયા હતા. આતંકવાદ વિરોધી વિભાગના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે એક આતંકવાદીની ઓળખ સલમાન તરીકે થઈ છે, જે મુશ્કેલીગ્રસ્ત બ્લુચિસ્તાન પ્રાંતનો છે. ડીએસપી જમિલે જણાવ્યું હતું કે કોઈ પણ આતંકવાદી મુખ્ય બિઝનેસ હોલ અથવા બિલ્ડિંગ સુધી પહોંચી શક્યો નથી અને હુમલો દરમિયાન પણ ધંધો અટક્યો નહીં. પીએસએક્સના મેનેજિંગ ડિરેક્ટર ફારૂક ખાને કહ્યું કે, "આજે આંગણામાં લોકોની સંખ્યા સામાન્ય કરતા ઓછી હતી કારણ કે કોવિડ -૧૯ ને કારણે ઘણા લોકો હજી પણ ઘરે જ રહે છે." સિંધના પોલીસ મહાનિર્દેશક મુસ્તાક મહારે કહ્યું કે હુમલાખોરોના મૃતદેહને ફોરેન્સિક તપાસ અને તપાસ માટે કબજે કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું, "તેમાંથી કોઈ પણ મુખ્ય બિલ્ડિંગની નજીક ન ગયો. ચારેયને પીએસએક્સ તરફ દોરી જતા બાબાના પ્રવેશદ્વાર પર માર્યા ગયા હતા. સિંધ પોલીસ સર્જન ડો. કરાર અહેમદ અબ્બાસીએ પુષ્ટિ કરી હતી કે સાત મૃતદેહો અને સાત ઈજાગ્રસ્ત લોકોને પોલીસકર્મી કરાચીની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલી ગોળીબારથી બિલ્ડિંગમાં હાજર લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

પાલનપુર નજીકથી ૩.૬૬ લાખનો વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

પાલનપુર નજીકથી તાલુકા પોલીસે રૂપિયા ૩.૬૬ લાખનો વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી ઉપર રોકાવવાની કોશિશ કરી હતી. જોકે, ચાલકે કાર ભગાવી મૂકી હતી. જેનો પીછો કરી કાર રોકાવી

લીધી હતી. આ અંગે કાર સહિત કુલ રૂપિયા ૧૫.૭૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પાંચ શખ્સો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પાલનપુર તાલુકા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન મળેલી બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવી રહેલી ઈનોવા કારને આબુ હાઈવે તલાસી લેતાં અંદરથી રૂપિયા ૩,૬૬,૭૦૦ની વિદેશી દારૂની બોટલ નંગ ૫૪૬ મળી આવી હતી. આ અંગે રૂપિયા ૧૨,૦૦,૦૦૦ની કાર, ૧૦,૫૦૦ના મોબાઈલ ફોન ૩ સહિત રૂપિયા ૧૫.૭૭ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને પાંચ શખ્સો સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આજે બેઠક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એ છે કે મીટિંગ ભારત દ્વારા શરૂ કરવામાં આવી છે અને ભારતે બેઠક બોલાવી છે. આ પહેલા કોર્પ્સ કમાન્ડર કક્ષાએ બે બેઠકો યોજાઈ છે. બંને વખત બેઠક મોલ્ડોમાં ચુશુલની સામે થઈ. મોલ્ડો ચીની બાજુમાં છે. ૨૨ જૂને યોજાનારી કોર્પ્સ કમાન્ડર કક્ષાની બેઠકમાં બંને પક્ષોએ નિર્ણય લીધો હતો કે ડેડલોક હટાવવામાં આવશે અને સૈનિકોને ધીમે ધીમે એલએસીમાંથી પાછળ ધકેલી દેવામાં આવશે. આના પર કેવી રીતે આગળ વધવું તેની ચર્ચા કરવા માટે કરાર થયો હતો. પરંતુ તેના પછી એક અઠવાડિયા વીતી ગયો પરંતુ એલએસીની પરિસ્થિતિ બદલાઈ નહીં. પરંતુ આ વાટાઘાટ પછી પણ, ચીન તરફથી સૈન્યની સંખ્યામાં વધારો થતો રહ્યો અને ચીની સેના પણ પેંગોંગ વિસ્તારમાં ફિંગર -૪ થી ફિંગર -૮ વચ્ચે કામ કરતી હતી. ડેડલોકનો અંત લાવવાને બદલે, ચીને ગેલ્વાન વેલી પર પોતાનો દાવો ચાલુ રાખ્યો. ચીને પણ ડેપ્સાંગ મેદાનોમાં સૈન્ય તૈનાત વધાર્યું અને લશ્કરી સાધનો એકત્રિત કર્યા. ભારતે એલએસી તરફ તેના સૈનિકોની તૈનાત પણ વધારી દીધી છે. સુત્રોના જણાવ્યા મુજબ, ચીન ફિંગર -૪ થી પીછેહઠ કરવા તૈયાર નથી. ભારત તરફથી આકરો સંદેશો આવ્યો હતો કે ડેડલોક સમાપ્ત કરવાનું ચીનનું છે કારણ કે તે ચીન દ્વારા જ શરૂ કરાયું હતું. ચીની સૈનિકોએ ભારતીય સેનાની પેટ્રોલિંગમાં અવરોધ ઉભો કર્યો હતો અને એલએસી પર સ્થિરતા બદલવાનો પ્રયાસ કર્યો હતો. ભારતીય પક્ષ તરફથી એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભારત પોતાના ક્ષેત્રમાં નિર્માણ કાર્ય ચાલુ રાખશે અને ચીનને તેનો વાંધો લેવાનો કોઈ અધિકાર નથી.